


નવસર્જન સંસ્કૃતિ

RNI No. GUJGUJ/2016/70752

NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 339
Dt.: 14-10-2025,
Tuesday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com







IRCTC કૌભાંડમાં લાલુ પરિવારને ઝટકો

## લાલુ-તેજસ્વી અને રાબડી દેવી સામે કલમ ૪૨૦ હેઠળ આરોપો ઘડાયા

### લાલુ યાદવ પર આરોપ છે કે તેમણે બે આઈઆરસીટીસી હોટલ, બીએનઆર રાંચી-બીએનઆર પુરીના જાળવણીના કોન્ટ્રાક્ટ ગેરકાયદે રીતે આપ્યા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

બિહારમાં વિધાનસભા ચૂંટણીની તૈયારીઓ વચ્ચે IRCTC કૌભાંડ કેસમાં લાલુ પરિવારની મુશ્કેલી વધી છે. દિલ્હીની રાઉઝ એવેન્યુ કોર્ટે આરજેડી સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવ અને બિહારમાં નેતા વિપક્ષ તેજસ્વી યાદવ સહિત બધા આરોપીઓ વિરુદ્ધ આરોપ નક્કી કરવામાં આવ્યા છે એટલે કે હવે આ લોકો વિરુદ્ધ આ મામલામાં કેસ ચાલશે. જે કલમો હેઠળ આરોપ નક્કી કરવામાં આવ્યા છે, તેમાં IPC 420, IPC 120B, પ્રીવેન્શન ઓફ કરપ્શન એક્ટની કલમ 13(2) અને 13 (1)(d) સામેલ છે. મહત્વનું છે કે પ્રીવેન્શન ઓફ કરપ્શન એક્ટની કલમ ૧૩(૨) અને ૧૩ (1)(d) માત્ર લાલુ પ્રસાદ યાદવ પર લાગી છે. કોર્ટે લાલુ યાદવને પૂછ્યું કે શું તમે તમારો અપરાધ માનો છો તો લાલુ યાદવ સહિત રાબડી અને તેજસ્વીએ પોતાનો અપરાધ માનવાથી ઈનકાર કરી દીધો. લાલુ પરિવારે કોર્ટમાં કહ્યું કે તે કેસનો સામનો કરશે. તો રાબડી યાદવે કહ્યું કે આ ખોટો કેસ છે.

કોર્ટ પ્રમાણે લાલુ યાદવની જાણકારીમાં આ કૌભાંડનું ષડયંત્ર રચવામાં આવ્યું. કોર્ટે કહ્યું કે આ મામલામાં આરોપી વ્યાપક ષડયંત્રમાં સામેલ હતા. લાલુ પરિવારને આ મામલામાં ફાયદો પહોંચ્યો. કોન્ટ્રાક્ટ આપવાના બદલે રાબડી અને તેજસ્વીને ખુબ ઓછી કિંમત પર જમીન મળી. આ મામલામાં quid pro નો આરોપ આ સ્ટેજ પર જોવા મળી રહ્યો નથી. RJD સુપ્રીમો લાલુ યાદવ કોર્ટમાં હાજર થવા માટે વ્હીલચેરમાં પહોંચ્યા. તેમની સાથે રાબડી દેવી, તેજસ્વી યાદવ અને પ્રેમચંદ ગુપ્તા પણ હતા. તેઓ રવિવારે (૧૨ ઓક્ટોબર) કોર્ટમાં હાજર થવા માટે દિલ્હી પહોંચ્યા. લાલુ અને તેજસ્વી યાદવ દિલ્હીમાં મીસા ભારતીના પાંડારા પાર્ક નિવાસસ્થાને રોકાયા છે.

CBI એ તેની ચાર્જશીટમાં આરોપ લગાવ્યો છે કે ૨૦૦૪ થી ૨૦૧૪ની વચ્ચે, એક ષડયંત્રના ભાગ રૂપે, પુરી અને રાંચીમાં ભારતીય રેલવેની BNR હોટલોને પહેલા IRCTC ને ટ્રાન્સફર કરવામાં આવી હતી અને બાદમાં બિહાર સ્થિત સુજાતા હોટેલ્સ પ્રાઈવેટ લિમિટેડને સંચાલન અને જાળવણી માટે લીઝ પર આપવામાં આવી હતી. એજન્સીએ આરોપ લગાવ્યો હતો કે ટેન્ડર પ્રક્રિયામાં ગોટાળા અને છેડછાડ કરવામાં આવી હતી, અને શરતોમાં પણ ફેરફાર કરીને સુજાતા હોટેલ્સની તરફેણ કરવામાં આવી હતી. આ ચાર્જશીટમાં IRCTCના તત્કાલીન જનરલ મેનેજરો વીકે અસ્થાના અને આરકે ગોયલ ઉપરાંત, સુજાતા હોટેલ્સના ડિરેક્ટર, ચાણક્ય હોટેલના માલિક વિજય કોચર અને વિનય કોચરના નામનો પણ ઉલ્લેખ છે. આ કૌભાંડ પણ લાલુ પ્રસાદ યાદવના રેલવે મંત્રી તરીકેના કાર્યકાળ (૨૦૦૪-૨૦૦૯) સાથે સંબંધિત છે. મુખ્ય આરોપ એ છે કે રેલવેના બે હોટલો (બિહારના રાંચી અને પુરી) ના મેન્ટેનન્સ અને સંચાલનનો ટેન્ડર ખાનગી કંપનીઓને આપવા બદલ ગેરરીતિઓ આચરવામાં આવી હતી. કથિત રીતે, ટેન્ડરની શરતોમાં ફેરફાર કરવામાં આવ્યા હતા જેથી એક ચોક્કસ ખાનગી કંપનીને ફાયદો થાય. આના બદલામાં, લાલુ યાદવના પરિવારને જમીન અથવા અન્ય આર્થિક લાભોના રૂપમાં લાંચ મળી હતી. CBIએ આ મામલે લાલુ પ્રસાદ યાદવ, તેમની પત્ની રાબડી દેવી અને પુત્ર તેજસ્વી યાદવ સહિત અન્ય આરોપીઓ વિરુદ્ધ ભ્રષ્ટાચાર અને ગુનાહિત કાવતરાના આરોપો હેઠળ ચાર્જશીટ દાખલ કરી છે.

---

સોનું પણ રૂ. ૧,૨૯,૦૦૦ની રેકોર્ડ ટોચે

## પુષ્ય નક્ષત્ર પહેલાં ચાંદીમાં રૂપિયા ૫૦૦૦નો ઉછાળો

### સ્થાનિક બજારમાં ચાંદીનો ભાવ રૂ. ૫૦૦૦ ઉછળી રૂ. ૧,૭૫,૦૦૦ પ્રતિ કિગ્રાની ઐતિહાસિક ટોચે પહોંચ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પુષ્ય નક્ષત્રના એક દિવસ પહેલાં જ ૧૩ ઓક્ટોબરના રોજ સોના-ચાંદીના ભાવ ફરી નવી ઐતિહાસિક ટોચે પહોંચ્યા છે. વૈશ્વિક અનિશ્ચિતતાઓ અને વૈશ્વિક બજારના સથવારે આજે સ્થાનિક બજારમાં ચાંદીનો ભાવ અધધધ રૂ. ૫૦૦૦ પ્રતિ કિગ્રા ઉછળ્યો હતો. સોનું પણ રૂ. ૧,૨૯,૦૦૦ પ્રતિ ૧૦ ગ્રામની રેકોર્ડ ટોચે પહોંચ્યો છે.



આજે સ્થાનિક બજારમાં ચાંદીનો ભાવ રૂ. ૫૦૦૦ ઉછળી રૂ. ૧,૭૫,૦૦૦ પ્રતિ કિગ્રાની ઐતિહાસિક ટોચે પહોંચ્યો છે. સોના અને ચાંદીના રેકોર્ડ ભાવ વધારાના કારણે પુષ્ય નક્ષત્રમાં ઘરાકીનો અભાવ જોવા મળ્યો છે. હાલ માત્ર ૨૦થી ૩૦ ટકા ખરીદદારોએ જ ઓર્ડર બુક કરાવ્યા હોવાનું અમદાવાદ ચોક્સી મહાજને જણાવ્યું હતું. હાલ બજારમાં માત્ર નાના-મોટા રોકાણકારો જ ખરીદી કરતાં જોવા મળ્યા છે. ઉલ્લેખનીય છે, સોના-ચાંદીની કિંમત ઓલટાઈમ હાઈ હોવા છતાં પ્રોફિટ બુકિંગનું કોઈ ખાસ વલણ જોવા મળ્યું નથી.

ચાલુ કેલેન્ડર વર્ષ કિંમતી ધાતુ માટે શુકનવંતુ રહ્યું છે. આ વર્ષે ચાંદીમાં મૂડી ડબલ થઈ છે, જેમાં ૧૦૨ ટકા રિટર્ન છૂટ્યું છે. જ્યારે સોનામાં પણ ૬૪ ટકા ઉછાળો જોવા મળ્યો છે. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ સોનું રૂ. ૭૮૭૦૦ પ્રતિ ૧૦ ગ્રામ સામે રૂ. ૫૦,૩૦૦ ઉછળી રૂ. ૧,૨૯,૦૦૦ પ્રતિ ૧૦ ગ્રામની રેકોર્ડ ટોચે પહોંચ્યું છે. જ્યારે ચાંદી રૂ. ૮૬૫૦૦ પ્રતિ કિગ્રા સામે રૂ. ૮૮૫૦૦ ઉછળી રૂ. ૧,૭૫,૦૦૦ પ્રતિ કિગ્રાની ઓલટાઈમ હાઈ સપાટીએ પહોંચી છે. વૈશ્વિક સ્તરે જિઓ-પોલિટિકલ ક્રાઈસિસ, ટ્રમ્પની ટેરિફ નીતિ, અમેરિકામાં મંદી, ફેડ રેટ કટ, ક્રૂડના ભાવમાં ઘટાડો સહિતના વિવિધ પરિબળોના કારણે સેફ હેવનમાં રોકાણ વધ્યું છે. વિવિધ સેન્ટ્રલ બેંકો દ્વારા ગોલ્ડ રિઝર્વ્સ પણ વધારવામાં આવી છે. રૂપિયો નબળો પડ્યો છે. બીજી તરફ ચાંદીની ઔદ્યોગિક માગ સતત વધી રહી છે.

પુષ્ય નક્ષત્રમાં સોનાની ખરીદી કરતી વખતે આ વાત ધ્યાનમાં રાખો

૧. ફક્ત સર્ટિફાઈડ સોનું જ ખરીદોઃ હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS) દ્વારા હોલમાર્ક કરાયેલું પ્રમાણિત સોનું ખરીદો. આ નંબર આલ્ફાન્યૂમેરિક હોઈ શકે છે, જેમ કે AZ4524. હોલમાર્કિંગ સોનાના કેરેટ અર્થાત શુદ્ધતા દર્શાવે છે.

૨. કિંમત ક્રોસ-ચેક કરોઃ ખરીદીના દિવસે સોનાનું ચોક્કસ વજન અને તેની કિંમત બહુવિધ સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) નો ઉપયોગ કરીને ચકાસો. સોનાના ભાવ ૨૪ કેરેટ, ૨૨ કેરેટ અને ૧૮ કેરેટના આધારે બદલાય છે.

---

## સુપ્રીમ કોર્ટે વોટ ચોરીના આરોપોના તપાસની માંગ કરતી અરજી ફગાવી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

થોડા સમય પહેલાં, કોંગ્રેસના સાંસદ અને વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કર્ણાટક ચૂંટણીમાં ગેરરીતિનો આરોપ લગાવ્યો હતો. તેમણે બેંગ્લુરુ સેન્ટ્રલ સહિત અનેક વિધાનસભા વિસ્તારોમાં વોટ ચોરીનો દાવો કર્યો હતો, જેની તપાસ માટે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ થઈ હતી. જોકે, અદાલતે આ અરજીને સંપૂર્ણપણે ફગાવી દીધી છે. આ સમગ્ર મામલાની તપાસ કરવા માટે સુપ્રીમ કોર્ટમાં દાખલ કરાયેલી અરજીમાં નિવૃત્ત જજની અધ્યક્ષતામાં સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) બનાવવાની માંગણી કરાઈ હતી. જોકે, સર્વોચ્ચ અદાલતે આ અરજીને નકારી કાઢી છે.

સુપ્રીમ કોર્ટમાં જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જૉયમાલા બાગચીની બેન્ચે આ અરજી ફગાવતાં કહ્યું કે, આ મામલો ચૂંટણી પંચના અધિકાર ક્ષેત્રમાં આવે છે, તેથી આ મુદ્દા બાબતે ચૂંટણી પંચ પાસે જાઓ.

કોર્ટે કહ્યું, અમે અરજદારના વકીલની વાત સાંભળી. કથિત રીતે આ અરજી જનહિતમાં દાખલ કરવામાં આવી છે, પરંતુ અમે આવી કોઈ પણ અરજી પર સુનાવણી નહીં કરીએ. અરજદાર આ મામલો ચૂંટણી પંચ સમક્ષ ઉઠાવી શકે છે.

---

## બંધારણે ભારતને મજબૂત રાખ્યો, પડોશી દેશોમાં ઉથલપાથલ: CJI

(સંપૂર્ણ સમાચાર સેવા)રત્નાગિરી,

ભારતના મુખ્ય ન્યાયાધીશ ભૂષણ ગવઈએ રવિવારે જણાવ્યું હતું કે પડોશી રાષ્ટ્રો હિંસક જનઆંદોલન અને ઉથલપાથલનો સામનો કરી રહ્યાં છે, પરંતુ ભારત મજબૂત અને એકજૂથ રહ્યો છે. તેનું શ્રેય ડૉ. બાબાસાહેબ આંબેડકરે બનાવેલા બંધારણને જાય છે. આપણું બંધારણ આપણને અશાંતિનો સામનો કરી રહેલા પડોશી દેશોથી અલગ પાડે છે. મહારાષ્ટ્રના રત્નાગિરિ જિલ્લાના મંદનગઢ તાલુકામાં કોર્ટ બિલ્ડિંગનું ઉદ્ઘાટન કર્યા પછી બોલતા CJIએ ખુશી વ્યક્ત કરી કે તે એવા વિસ્તારમાં બન્યું છે, જેમાં બંધારણના મુખ્ય શિલ્પી અને સુપ્રસિદ્ધ સમાજ સુધારક બાબાસાહેબ આંબેડકરનું વતન ગામ અંબાવડે પણ આવેલું છે.

ન્યાયાધીશ ગવઈએ જણાવ્યું હતું કે યુદ્ધ અને શાંતિના સમયમાં દેશ એક રહ્યો છે અને વિકાસના માર્ગ પર આગળ વધી રહ્યો છે. આપણે આંતરિક કટોકટી પણ જોઈ છે, પરંતુ આપણે મજબૂત અને એકજૂથ રહ્યાં છીએ. તે ડૉ. બાબાસાહેબ આંબેડકરના બંધારણને કારણે છે. આપણું બંધારણ આપણને અશાંતિનો સામનો કરી રહેલા પડોશી દેશોથી અલગ પાડે છે.

શ્રીલંકા, બાંગ્લાદેશ અને તાજેતરમાં નેપાળમાં જનઆંદોલનને સરકારો ઉથલાઈ ગઈ છે તેમજ રમખાણો અને આગચંપીના કારણે નાગરિકોને મોટા પાયે તકલીફ પડી છે. તેમણે જણાવ્યું હતું કે છેલ્લા ૨૨ વર્ષોમાં ન્યાયાધીશ તરીકે મેં ન્યાયના વિકેન્દ્રીકરણની હંમેશા તરફેણ કરી છે અને અનેક ન્યાયિક માળખાગત પ્રોજેક્ટ્સ પૂર્ણ થાય તે સુનિશ્ચિત કર્યું છે. મને જે બાબત ખૂબ સંતોષ આપે છે તે છે કોલ્હાપુર સર્કિટ બેન્ચ (બોમ્બે હાઈકોર્ટની) અને આ મંડણગઢ કોર્ટ બિલ્ડિંગ, જે બે વર્ષમાં પૂર્ણ થઈ છે. કાર્યપાલિકા અને ન્યાયતંત્રની સત્તાઓના વિભાજનના સિદ્ધાંતથી લોકોને ન્યાય મળે તેવી અપેક્ષા હોય છે, પરંતુ ન્યાયતંત્રને ભંડોળના સંદર્ભમાં કાર્યપાલિકાનો સહયોગ મેળવવો જોઈએ.




# તંત્રી લેખ......

## મચાડોને શાંતિનો નાબેલ

આ વખતના નાબેલ શાંતિ પુરસ્કાર પર આખી દુનિયાની નજર હતી. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઘેલછાની હદે આ પુરસ્કાર માટેનો પોતાનો દાવો કરીને આ પ્રતિષ્ઠિત સમિતિ પર ભારે દબાણ ઊભું કર્યું હતું, પણ આ સમિતિએ દબાણને વશ થયા વગર એક સ્વતંત્ર પસંદગી કરીને દુનિયા સમક્ષ આ પુરસ્કારના મહત્ત્વને ફરી એક વખત સાબિત કરી આપ્યું છે. વેનેઝુએલાના વિપક્ષી નેતા મારિયા કોરિના મચાડોને વર્ષ ૨૦૨૫નો આ પુરસ્કાર જાહેર કરીને નોબેલ સમિતિએ દુનિયામાં લોકશાહીની માટેની શાંત લડતને શાંતિ માટેની ચાવી ગણી છે. આ એવોર્ડ દ્વારા સમિતિએ વિશ્વમાં મહિલા સશક્તિકરણને વધુ બળ આપ્યું છે. વેનેઝુએલા જેવા દેશમાં લોકશાહી અને માનવ અધિકારો માટે સતત મથતા મચાડોએ વિપક્ષને એક કરવા ઝુંબેશ ચલાવી છે. તેમને આ અગાઉ યુરોપિયન યુનિયન દ્વારા સર્વોચ્ચ માનવ અધિકાર એવોર્ડ સખારોવ પણ મળી ચૂકયો છે. વેનેઝુએલામાં રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર રહી ચૂકેલા મચાડોને ચૂંટણીની પ્રક્રિયા દરમ્યાન ગેરલાયક ઠેરવી દેવાયા હતા. તેમણે દેશના વિભાજિત વિપક્ષમાં એકતામાં મહત્ત્વની ભૂમિકા ભજવીને સ્વતંત્ર ચૂંટણી યોજવાની અને પ્રતિનિધિ સરકારની માંગ ઉઠાવી છે. તેમની ઉપર પ્રતિબંધ છે અને જાનનું જોખમ પણ છે. આ બધા પડકારો અને મુશ્કેલીઓ છતાં તેઓ શાંતિપૂર્વક લોકશાહીની લડત લડતા રહ્યા છે. નેબેલ પુરસ્કારની પસંદગી સમિતિએ દુનિયાને બતાવી આપ્યું છે કે, કોઈપણ પારિતોષિકના હકદાર એ હોય છે કે તેમના કામો અને પ્રભાવને વાસ્તવિક રીતે જોઈ શકાતા હોય. દુનિયામાં સશત્ર સંઘર્ષોને થંભાવવાનો દાવો કરતા ટ્રમ્પની સરખામણીએ મચાડોની ઉપર પસંદગીનો કળશ ઢોળીને સમિતિએ તેની કામગીરી ખરા અર્થમાં સ્વતંત્ર હોવાની સાબિતી કરી આપી છે.

ખરા અર્થમાં આ સમિતિ પણ કોઈ ઉચ્ચ વૈશ્વિક એવોર્ડની હકદાર હોવાની પ્રતીતિ મચાડોની પસંદગીએ કરાવી આપી છે. આમ તો આવા પારિતોષિક મેળવનારી વ્યક્તિને તેની પ્રવૃત્તિમાં ભારે મદદ મળતી હોય છે, પણ જોવાનું એ રહેશે કે, મચાડેને તેમના દેશ વેનેઝુએલામાં લોકશાહીની લડતમાં હવે કઈ રીતે સફળતા મળે છે. તેની સાથોસાથ આ પુરસ્કાર જાહેર થતાં પહેલાં દુનિયમાં પોતાને શાંતિના મસિહા સાબિત કરવા સંઘર્ષોને શાંત કરવા આકાશ-પાતાળ એક કરતા રહેલા ટ્રમ્પ તેમની આ ભૂમિકાને જાળવી રાખશે કે પ્રકૃતિ મુજબ ત્યજી દેશે. આગામી દિવસોમાં આ બન્ને મુદ્દાનો દુનિયા સમક્ષ ખુલાસો થઈ જશે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાનો વાયદો રૂ.૨,૫૨૪ના ઉછાળા સાથે નવી ટોચેઃ ચાંદીનો વાયદો રૂ.૬,૨૦૨ની તેજી સાથે ઓલ ટાઈમ હાઈ નજીક

### ક્રૂડ તેલના વાયદામાં રૂ.૮૩ની વૃદ્ધિઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૫૬૦૨૪.૮૮ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૬૬૬૭૪.૨૧ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૪૯૯૬૨.૨૬ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૯૧૨૪ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૨૨૨૭૦૩.૮૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૫૬૦૨૪.૮૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૬૬૬૭૪.૨૧ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૨૯૧૨૪ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૬૯૫.૯૭ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૪૯૯૬૨.૨૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૩૨૩૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૩૯૯૭ના ઓલ ટાઈમ હાઈ અને નીચામાં રૂ.૧૨૩૦૦૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૨૧૩૬૪ના આગલા બંધ સામે રૂ.૨૫૨૪ વધી રૂ.૧૨૩૮૮૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ઓક્ટોબર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૭૯૭ વધી રૂ.૯૯૫૦૫ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ ઓક્ટોબર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૨૩૨ વધી રૂ.૧૨૪૨૬ થયો હતો. સોનું-મિની નવેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૫૦૫ વધી રૂ.૧૨૩૨૩૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૧૯૯૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૩૭૦૪ અને નીચામાં રૂ.૧૨૧૯૨૯ના સ્તરને સ્પર્શી, રૂ.૧૨૧૦૭૧ના આગલા બંધ સામે રૂ.૨૫૦૦ વધી રૂ.૧૨૩૫૭૧ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૪૮૫૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૩૦૬૫ અને નીચામાં રૂ.૧૪૮૧૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૪૬૪૬૬ના આગલા બંધ સામે રૂ.૬૨૦૨ વધી રૂ.૧૫૨૬૬૮ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૫૩૮૬ વધી રૂ.૧૫૩૫૫૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૫૩૭૧ વધી રૂ.૧૫૩૫૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ.૨૭૭૫.૬૫ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ઓક્ટોબર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૧૭૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૧૭૯ અને નીચામાં રૂ.૩૦૮૮ના સ્તરને સ્પર્શી, રૂ.૫૩ ઘટી રૂ.૩૦૯૪ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ ઓક્ટોબર વાયદો બેરલદીઠ રૂ.૫૩૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૩૪૬ અને નીચામાં રૂ.૫૨૯૪ના સ્તરને સ્પર્શી, રૂ.૫૨૪૬ના આગલા બંધ સામે રૂ.૮૩ વધી રૂ.૫૩૨૯ થયો હતો. ક્રૂડ તેલ-મિની ઓક્ટોબર વાયદો રૂ.૮૧ વધી રૂ.૫૩૨૯ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ ઓક્ટોબર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૨.૭ ઘટી રૂ.૨૭૨.૯ થયો હતો. નેચરલ ગેસ-મિની ઓક્ટોબર વાયદો રૂ.૨.૮ ઘટી રૂ.૨૭૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ઓક્ટોબર વાયદો કિલોદીઠ રૂ.૯૪૦ના ભાવે ખૂલી, રૂ.૧.૭ વધી રૂ.૯૪૯.૮ના સ્તરે પહોંચ્યો હતો. એલચી ઓક્ટોબર વાયદો કિલોદીઠ રૂ.૨૫૪૦ના ભાવે ખૂલી, રૂ.૩૨ ઘટી રૂ.૨૬૨૭ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨૧૮૭૪.૩૯ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૨૮૦૮૭.૮૮ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ.૨૫૮૨.૪૯ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૧૫૮.૨૦ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૨૪.૬૨ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૩૮૨.૨૨ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૨૧.૯૬ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૧૦૫૭.૭૫ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૧૬૯૫.૯૪ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૧૦.૬૫ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૧.૧૧ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૮૩૦૧ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૬૮૯૫ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૫૨૮૬ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૨૪૭૧૦ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૩૦૭૦૩ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૩૦૯૯૭ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૫૯૪૬૨ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૯૨૪૨૬ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૬૪૮ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૨૬૯૭ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૪૮૩૫૨ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૨૯૧૫૮ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૯૧૭૬ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૭૬૦૬ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૭૬૩ પોઈન્ટ વધી ૨૯૧૨૪ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૫૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૧.૪ વધી રૂ.૧૦૯.૬ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૨ ઘટી રૂ.૯.૮૫ના ભાવે બોલાયો હતો.

સોનું ઓક્ટોબર રૂ.૧૨૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૮૫૪ વધી રૂ.૨૧૮૩ થયો હતો. આ સામે ચાંદી ઓક્ટોબર રૂ.૧૫૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૧૯૨.૫ વધી રૂ.૩૧૪૫ થયો હતો. તાંબું ઓક્ટોબર રૂ.૧૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫.૫૯ વધી રૂ.૧૬.૫ના ભાવે બોલાયો હતો. જસત ઓક્ટોબર રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૩૫ પૈસા વધી રૂ.૨.૫ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ઓક્ટોબર રૂ.૫૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૨.૦૫ વધી રૂ.૧૧૧.૮૫ થયો હતો. નેચરલ ગેસ-મિની ઓક્ટોબર રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૧ ઘટી રૂ.૧૦.૦૫ થયો હતો. સોનું-મિની ઓક્ટોબર રૂ.૧૨૩૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૮૭.૫ વધી રૂ.૨૮૩૮ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની ઓક્ટોબર રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૨૫૭.૫ વધી રૂ.૩૨૨૪.૫ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૫૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૭.૬ ઘટી રૂ.૮૩.૭ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર રૂ.૨૭૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૪૫ વધી રૂ.૧૩.૯૫ થયો હતો.

આ સામે ચાંદી ઓક્ટોબર રૂ.૧૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૨૭૪ ઘટી રૂ.૧૧૯૫ થયો હતો. જસત ઓક્ટોબર રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૫૮ ઘટી રૂ.૨.૫ના ભાવે બોલાયો હતો. મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ઓક્ટોબર રૂ.૫૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૪.૬૫ ઘટી રૂ.૮૫.૨ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની ઓક્ટોબર રૂ.૨૭૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૫૫ વધી રૂ.૧૩.૯૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ઓક્ટોબર રૂ.૧૨૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૪૩ ઘટી રૂ.૨૦૭૧.૫ના ભાવે બોલાયો હતો.

### પ્રધાનમંત્રી આવાસ યોજનાની

# એપીકે ફાઈલ ડાઉનલોડ કરનાર યુવક સાથે સાયબર ફ્રોડ થયો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

શહેરમાં રહેતા એક યુવકને અજાણ્યા નંબર પરથી મેસેજ આવ્યો હતો. જેમાં પ્રધાનમંત્રી આવાસ યોજના નામની એપીકે ફાઈલ હતી. તે ફાઈલ ડાઉનલોડ કરતા ફોર્મ ખુલ્યું હતું. પરંતુ યુવક તે ફોર્મ ન ભરી શકતા એપ્લિકેશનમાંથી બહાર નીકળી ગયો હતો. જે બાદ તેનો ફોન હેક થઈ ગયો હતો. તેના ડેબિટકાર્ડમાંથી ૩૧ હજાર ડેબિટ થયા હતા અને ક્રેડિટકાર્ડમાંથી એક ફોનની ખરીદી થઈ હતી. આ મામલે શહેરકોટડા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સરસપુરમાં રહેતા હેમીનભાઈ પટેલ ફાયનાન્સનું કામ કરે છે. થોડા દિવસો પહેલા તેમને અજાણ્યા નંબરથી મેસેજ આવ્યો હતો. જેમાં પ્રધાનમંત્રી આવાસ યોજના નામની એપીકે ફાઈલ હતી. આ ફાઈલ ઈન્સ્ટોલ કરતા પરમિશન ઓપ્શન પર ક્લીક કરતા એક ફોર્મ ખુલ્યું હતું. જે ફોર્મ ભરવાનો પ્રયાસ કરવા છતાંય ફોર્મ ભરાયું નહોતુ. જેથી હેમીનભાઈ એપ્લિકેશનમાંથી બહાર નીકળી ગયા બાદ તેમને ત્રણ ઓટીપી આવ્યા હતા.

તપાસ કરતા તેમના બેંક એકાઉન્ટમાંથી ૩૧ હજાર ડેબિટ થયા હતા. જ્યારે કોઈ શખ્સે ક્રેડિટકાર્ડથી ટ્રાન્ઝેક્શન કરીને ફોન ખરીદ્યો હતો.

# ૧૪ ઑક્ટોબર, કૃષિ વિકાસ દિનઃ પ્રાકૃતિક ખેતી કરીને ડાંગના મંગીબેન બન્યા લખપતિ દીદી, શ્રીઅન્નમાંથી મૂલ્યવર્ધિત ઉત્પાદનો બનાવીને અન્ય મહિલાઓને પ્રેરણા આપી

૭ ઑક્ટોબર, ૨૦૨૫ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના સેવા અને સમર્પણના ૨૪ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ગુજરાત ૭ થી ૧૫ ઑક્ટોબર સુધી વિકાસ સપ્તાહની ઉજવણી કરી રહ્યું છે. આ અંતર્ગત ૧૪ ઑક્ટોબરનો દિવસ રાજ્યમાં કૃષિ ક્ષેત્રે થયેલી પ્રગતિને ધ્યાનમાં રાખીને 'કૃષિ વિકાસ દિવસ' તરીકે ઉજવવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા માટે સતત પ્રોત્સાહિત કર્યા છે, જેના પરિણામે રાજ્યના ખેડૂતો કૃષિની ટકાઉ પદ્ધતિ અપનાવીને નફો મેળવી રહ્યા છે. આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતે પ્રાકૃતિક ખેતી ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ કરી રહ્યું છે.

★ 'આપણું ડાંગ, પ્રાકૃતિક ડાંગ' અભિયાનથી આદિવાસી ખેડૂતોના જીવનમાં આવ્યું પરિવર્તન

જ્યારે પ્રાકૃતિક કૃષિની વાત થાય ત્યારે 'આપણું ડાંગ, પ્રાકૃતિક ડાંગ' અભિયાનનો ઉલ્લેખ આવશ્યક બની જાય છે. આ અભિયાન દ્વારા વર્ષ ૨૦૨૧માં કુદરતી સૌંદર્ય ધરાવતા ડાંગ જિલ્લાને સંપૂર્ણપણે રસાયણ મુક્ત પ્રાકૃતિક ખેતીયુક્ત જિલ્લો જાહેર કરવામાં આવ્યો હતો. ત્યારથી આ પહેલે આદિવાસી ખેડૂતોના જીવનમાં નોંધપાત્ર પરિવર્તન લાવ્યું છે. આ જ રીતે પ્રાકૃતિક રીતે ખેતી કરીને આહવા તાલુકાના ધવલીદોડ ગામના મંગીબેન ખાસ આજે લખપતિ દીદી બની ગયા છે.

★ ડાંગના મંગીબેનનું સાહસ ફળ્યુંઃ સ્થાનિક શ્રીઅન્ન નાગલીમાંથી મૂલ્યવર્ધિત ઉત્પાદનો બનાવ્યા

મંગીબેનની સાહસથી સમૃદ્ધિની સફર અન્ય મહિલાઓ માટે પ્રેરણાદાયી સાબિત થઈ છે. મંગીબેનને મિશન મંગલમ (NRLM) હેઠળ ફીલ્ડ કો-ઓર્ડિનેટરે સ્વ-સહાય જૂથ (SHG)માં જોડાવા માટે પ્રોત્સાહન આપ્યું હતું. ડાંગ જેવા જંગલોથી ઘેરાયેલા અને ત્યાંની સમૃદ્ધ વન પેદાશોના મહત્વને સમજીને મંગીબેને નવું જ સાહસ શરૂ કર્યું. ડાંગમાં થતા શ્રીઅન્ન કે રાગી, જે નાગલી તરીકે ઓળખાય છે, તે ખૂબ જ પૌષ્ટિક માનવામાં આવે છે. તેના સ્વાસ્થ્ય લાભો અને બજાર સંભાવનાને ધ્યાનમાં રાખીને મંગીબેને નાગલીની ખેતી અને પ્રોસેસિંગ પર ધ્યાન કેન્દ્રિત કર્યું અને તેમના જૂથ સાથે નાગલીમાંથી મૂલ્યવર્ધિત ઉત્પાદનો બનાવવાનું શરૂ કર્યું.

★ એક ખેતમજૂરથી ઉદ્યોગસાહસિક બન્યા મંગીબેન

સ્વ-સહાય જૂથમાં જોડાતા પહેલાં મંગીબેન સીઝનલ ખેતમજૂર તરીકે અને મનરેગા હેઠળ રોજગાર મેળવતા હતા. મંગીબેનના જીવનનો વળાંક ત્યારે આવ્યો જ્યારે તેમને ગ્રામીણ સ્વ-રોજગાર તાલીમ સંસ્થા (RSETI) તરફથી શ્રીઅન્નની પ્રોસેસિંગમાં નિઃશુલ્ક તાલીમ મેળવી. તાલીમ બાદ તેઓ નાગલી લોટ, લાડુ, કૂકીઝ અને સ્વાસ્થ્યપ્રદ મિશ્રણ બનાવતા શીખ્યા અને નાના પાયે એક ઉદ્યોગ શરૂ કર્યો. જ્યારે ગુજરાત સરકારે ડાંગને સંપૂર્ણપણે રસાયણ મુક્ત પ્રાકૃતિક ખેતીયુક્ત જિલ્લો જાહેર કર્યો ત્યારે મંગીબેને નાગલીની ઓર્ગેનિક ખેતી કરવાનું પસંદ કર્યું. ટકાઉ ખેતીથી ઉત્પાદનોની ન્યુટ્રિશનલ વેલ્યૂ (પોષણ મૂલ્ય) તો વધી, સાથે બજાર મૂલ્ય પણ વધ્યું.

★ પ્રથમ માસમાં જ રૂા.૧૫,૦૦૦ના ઉત્પાદનો વેચ્યા, આજે યુનિટ દ્વારા દર મહિને રૂા.૬૦,૦૦૦ના ઉત્પાદનોનું વેચાણ

મંગીબેને ઉદ્યોગ શરૂ કર્યાના પ્રથમ માસમાં જ રૂા.૧૫,૦૦૦ના ઉત્પાદનોનું વેચાણ કર્યું હતું. ત્યારબાદ તેમણે પોતાના સ્વ-સહાય જૂથમાંથી વધુ ૧૦ મહિલાઓને આ પ્રવૃત્તિમાં સામેલ કરી. આજે તેમનું યુનિટ દર મહિને રૂા.૬૦,૦૦૦ સુધીના નાગલીના પ્રોડક્ટ્સનું ઉત્પાદન અને વેચાણ કરે છે અને રૂા.૨૦,૦૦૦ની માસિક આવક મેળવે છે.

સરકારના સહયોગથી તેઓ વિવિધ પ્રદર્શનો અને મેળાઓમાં ભાગ લે છે, બજારને વિસ્તૃત કરે છે અને પ્રાકૃતિક ખેતીના રાષ્ટ્રીય મિશન હેઠળ બ્રાન્ડિંગ અને પ્રમોશન પહેલોનો લાભ મેળવે છે.

મંગીબેનની ખેતમજૂરથી એક ઉદ્યોગસાહસિક બનવાની સફર એ લખપતિ દીદીની પહેલને પણ ઉજાગર કરે છે. તેમની આ સફર દર્શાવે છે કે, કેવી રીતે પ્રાકૃતિક ખેતીનો માર્ગ ડાંગની મહિલાઓ માટે નિયમિત રોજગારીનું માધ્યમ બન્યો છે અને અન્ય મહિલાઓને પણ આ દિશામાં કામ કરવા માટે પ્રેરણા આપી છે. એટલું જ નહીં, સ્થાનિક સંસાધનોના ઉપયોગ અને સામુદાયિક જોડાણ દ્વારા તે વિકાસનું ટકાઉ મૉડેલ પણ દર્શાવે છે.

# રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ દ્વારા મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પરિયોજના હેઠળ બિલિમોરા બુલેટ ટ્રેન સ્ટેશનની મુલાકાત લેવામાં આવી





રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ દ્વારા મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પરિયોજના હેઠળ બિલિમોરા બુલેટ ટ્રેન સ્ટેશનની મુલાકાત લેવામાં આવી.

કેન્દ્રીય રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ એ આજે મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પરિયોજનાના બાંધકામ હેઠળના બિલિમોરા બુલેટ ટ્રેન સ્ટેશનની મુલાકાત લીધી. તેમની સાથે વલસાડના સંસદસભ્ય શ્રી ધવલ પટેલ અને ગણદેવીના ધારાસભ્ય શ્રી નરેશ પટેલ પણ હતા.

આ દરમિયાન, મંત્રીએ બિલિમોરા બુલેટ ટ્રેન સ્ટેશન પર ચાલી રહેલા બાંધકામ અને ટ્રેક પાથરવાના કામોની સમીક્ષા કરી.

**A.** બિલિમોરા બુલેટ ટ્રેન સ્ટેશન

બિલિમોરા શહેર કેરીના બગીચાઓ માટે પ્રસિદ્ધ છે. સ્ટેશનના ફેસેડની ડિઝાઈન કેરીના બગીચાઓથી પ્રેરિત છે, જે શહેરની પ્રાકૃતિક સુંદરતા અને સ્થાનિક ઓળખને પ્રતિબિંબિત કરે છે. આંતરિક અને પ્લેટફોર્મ ક્ષેત્રને પૂરતી કુદરતી ઉજાસ અને વેન્ટિલેશન સાથે ડિઝાઈન કરવામાં આવ્યા છે. ફૉલ્સ સીલિંગને એન્ટી-વાઈબ્રેશન હેંગરથી લગાવવામાં આવી છે જેથી ટ્રેનોની ઝડપી ગતિથી થનારી ધ્રુજારીની અસર ફિટીંગ્સ પર ન પડે. સ્ટેશન આધુનિક યાત્રી સુવિધાઓથી સુસજ્જિત છે, જેમ કે વેઈટીંગ લાઉન્જ, નર્સરી, શૌચાલય, રિટેઈલ આઉટલેટ વગેરે. વિવિધ સ્તરોએ સહજ અવરજવર માટે કેટલીય લિફ્ટ અને એસ્કેલેટર લગાવવામાં આવી રહ્યા છે, જેમાં વરિષ્ઠ નાગરિકો, વિકલાંગો અને બાળકોવાળા પરિવારોની જરૂરિયાતો પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે.

સ્ટેશન સંકુલમાં હરિયાળી અને તાજગીપૂર્ણ વાતાવરણ બનાવવા માટે વૃક્ષારોપણ કરવામાં આવી રહ્યું છે. યાત્રીઓની સુવિધા માટે પિક-અપ અને ડ્રોપ-ઑફ ઝોન, બસો, કારો અને દ્વિચક્રી વાહનો માટે અલગ પાર્કિંગ , ઈવી પાર્કિંગ વગેરેની યોજના બનાવવામાં આવી છે. સુવિધા અને સ્થિરતાનો મેળ કરતાં, સ્ટેશનમાં IGBC (ઈંડિયન ગ્રીન કાઉન્સિલ) ની કેટલીક વિશેષતાઓ સામેલ કરવામાં આવી, જેમ કે પાણીનો કુશળ ઉપયોગ, વરસાદી જળ સંચય, લો-ફ્લો સેનેટરી ફિટીંગ્સ, આંતરિક ભાગોમાં ઓછી ગરમીનો પ્રવેશ, ઓછા બાષ્પશીલ કાર્બનિક યૌગિક પેઈન્ટ વગેરે.

બિલિમોરા પાસે કેસલી ગામમાં, નવસારી જિલ્લાની અંબિકા નદીના કિનારે આવેલ, આ સ્ટેશન વિવિધ પરિવહન માધ્યમોથી સારી રીતે જોડાયેલું છેઃ

- બિલિમોરા રેલવે સ્ટેશનઃ ૬ કિ.મી.
- બિલિમોરા બસ ડેપોઃ ૬ કિ.મી.
- રાષ્ટ્રીય રાજમાર્ગ **NH-360:** ૨.૫ કિ.મી.

સ્ટેશનની મુખ્ય વિશેષતાઓઃ

- કુલ નિર્મિત ક્ષેત્રફળઃ ૩૮,૩૯૪ ચોરસ મીટર
- સ્ટેશન બિલ્ડીંગમાં બે સ્તર સામેલ છેઃ

● ગ્રાઉન્ડ કમ કોક્રોર્સ સ્તરઃ પાર્કિંગ, પિક-અપ/ડ્રોપ-ઑફ, પગપાળા યાત્રી પ્લાઝા, સુરક્ષા તપાસ ચોકીઓ,વેઈટીંગ લાઉન્જ, શૌચાલય, લિફ્ટ, એસ્કેલેટર, સીઢીઓ, કિઓસ્ક, ટિકિટીંગ કાઉન્ટર વગેરે.

● પ્લેટફોર્મ સ્તરઃ બે પ્લેટફોર્મ અને ચાર ટ્રેક

● હાઈ-સ્પીડ ટ્રેનો માટે ૪૨૫ મીટર લાંબુ પ્લેટફોર્મ

સ્ટેશનની પ્રગતિ

રેલવે અને પ્લેટફોર્મ સ્લેબ કાસ્ટિંગનું કામ તથા બિલ્ડીંગમાં સ્ટ્રક્ચરલ સ્ટીલનું કામ પૂર્ણ થઈ ગયું છે. આર્કિટેક્ચરલ ફિનિશિંગ અને MEP (મિકેનિકલ, ઈલેક્ટ્રિકલ અને પ્લમ્બિંગ) કામ હાલમાં પ્રગતિ પર છે.

**B.** બિલિમોરા બુલેટ ટ્રેન સ્ટેશનનું ટ્રેક નિર્માણ કામ

બિલિમોરા બુલેટ ટ્રેન સ્ટેશન પર આરસી ટ્રેક બેડ બાંધકામનું કામ પૂર્ણ થઈ ગયું છે અને રેલ લેઈંગ કાર (RLC) નો ઉપયોગ કરીને હંગામી ટ્રેકની સ્થાપના સક્રિયરૂપે પ્રગતિ પર છે.

રેલ લેઈંગ કાર ટ્રેક કન્સ્ટ્રક્શન બેઝ (TCB) થી ૨૦૦-મીટર વેલ્ડેડ રેલ પેનલોની સ્થાપના સ્થળ સુધી લઈ જવાની સુવિધા આપે છે, જેનાથી રેલ પેનલોને યાત્રિકરૂપે સંભાળવામાં અને રાખવામાં સરળતા થાય છે અને માનવીય હસ્તક્ષેપ લઘુત્તમ થાય છે.

૩૨૦ કિ.મી/કલાકની ગતિ પર ટ્રેનોના અવિરત સંચાલનને સુનિશ્ચિત કરવા માટે સચોટતાને સર્વોચ્ચ મહત્વ આપવામાં આવે છે. ઉચ્ચતમ ભરોસાપાત્રતા અને સચોટતા વાળા અતિઆધુનિક સર્વે ઉપકરણ સજ્જ કરવામાં આવે છે, અને તમામ સર્વે તબક્કાઓની બહુ-સ્તરની ચકાસણી કરવામાં આવે છે. તુચ્છ નિર્માણ વિવિધતાઓની પ્રભાવી ભરપાઈ માટે રેફરન્સ પિન (reference pin) સર્વે અને રિગ્રેશન એનાલિસિસ વિધિઓને અપનાવવામાં આવે છે.

બિલિમોરા સ્ટેશનમાં બે લૂપ લાઈનો છે, જેમાં ચાર ૧૮ માંથી ૧ ટર્નઆઉટ્સ મૂવેબલ ક્રોસિંગ્સની સાથે બે ૧૮ માંથી ૧ ક્રૉસઓવર્સ સામેલ છે. મુખ્ય લાઈન ૧૨ માંથી ૧ ટર્નઆઉટ મારફતે શાખાબદ્ધ થાય છે જેથી કન્ફર્મેશન કાર બેઝને સમાયોજિત કરાવી શકાય.

**C.** મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પરિયોજનાના પ્રગતિ (૧૦ ઓક્ટોબર ૨૦૨૫ સુધી)

ભારતનું પ્રથમ ૫૦૮ કિ.મી. લાંબુ બુલેટ ટ્રેન કોરિડોર મુંબઈ અને અમદાવાદ વચ્ચે બાંધકામ હેઠળ છે.

● ૫૦૮ કિ.મી.માંથી, ૩૨૫ કિ.મી. વાયડક્ટ અને ૪૦૦ કિ.મી. પિયરનું કામ પૂર્ણ થઈ ગયું છે

● ૧૭ નદી પુલ, 05 PSC (પ્રિ-સ્ટ્રેસ્ડ કોંક્રિટ) બ્રિજ અને ૧૦ સ્ટીલ બ્રિજ પૂર્ણ થઈ ગયા છે

● ૨૧૬ કિ.મી વિસ્તારમાં ૪ લાખથી વધુ નૉઈઝ બેરિયર લગાવવામાં આવ્યા છે

● ૨૧૭ ટ્રેક કિ.મી. RC ટ્રેક બેડનું બાંધકામ પૂર્ણ થઈ ગયું છે

● લગભગ ૫૭ રૂટ કિ.મી. માં ૨૩૦૦ થી વધુ OHE માસ્ટ લગાવી દેવામાં આવ્યા છે

● પાલઘર જિલ્લામાં ૦૭ પહાડી સુરંગો પર ખોદકામ પ્રગતિ પર છે

● BKC અને શિલફાટા (મહારાષ્ટ્ર) વચ્ચે ૨૧ કિ.મી. ટનલમાંથી ૫ કિ.મી. NATM ટનલનું ખોદકામ થઈ ગયું છે

● સૂરત અને અમદાવાદમાં રોલિંગ સ્ટૉક ડેપોનું બાંધકામ પ્રગતિ પર છે

● ગુજરાતના તમામ સ્ટેશનો પર સુપરસ્ટ્રક્ચરનું કામ અદ્યતન તબક્કામાં છે. મહારાષ્ટ્રમાં ત્રણેય એલિવેટેડ સ્ટેશનનું કામ શરૂ થઈ ગયું છે તથા મુંબઈ અન્ડરગ્રાઉન્ડ સ્ટેશન પર બેઝ સ્લેબ કાસ્ટિંગ પ્રગતિ પર છે.

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

# મામલતદાર અને કલેકટર કંઈ અહીંના રાજા નથી : જાહેર મંચ પર સાંસદ મનસુખ વસાવા અધિકારીઓ પર ઉકળી ઉઠયા



પ્રતિનિધિ,ગાંધીનગર

સાંસદ મનસુખ વસાવા છેલ્લા ઘણા સમયથી અધિકારીઓને ખખડાવવાના અનોખા અંદાજની છાપ ઉભી કરે છે, જો કે તાજેતરમાં એક જાહેર કાર્યક્રમમાં તેઓ એક દમ ખુલ્લેઆમ અધિકારીઓ પર ગુસ્સે થયા અને તીખી ટીપ્પણીઓ કરી હતી , લોકોને રંજાળશો નહી , તેમણે જણાવ્યુ હતુ કે ૧૫ થી ૨૦ વરસથી કોઈ ને કંઈ દેખાતુ ન હતુ અને હવે નોટીસ આપવાની શરૂઆત થઈ છે,

વીજ કનેકશન પણ કાપી નાખ્યા છે, આ ગંભીર બાબત છે, તમે મામલતદાર બન્યા એટલે તાલુકાના રાજા ન બની જાવ, સાંસદ વસાવાએ મામલતદાર અને અન્ય તંત્રના અધિકારીઓને સ્પષ્ટ સંદેશ આપતા કહ્યુ હતુ કે મામલતદાર અને કલેકટર કંઈ અહીંના રાજા નથી, એટલુ સમજી લેજો, લોકોને રંજાળશો નહી, કોઈપણ તકલીફ હોય તો અમારો સંપર્ક કરો, કોઈપણ પ્રોજેકટ લાવતા પહેલા મારી સાથે પરામર્શ કરો, તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે જયાં નોટીસ આપો ત્યાં વિકલ્પ આપો, વિકાસ કરવા માટે અધિકારીઓ અને પદાધિકારીઓએ મળીને કામ કરવુ પડે, કલેકટર રાજા નથી, અમારો પરામર્શ જરૂર કરો, કોઈપણ પ્રોજેકટ લાવતા પહેલા મારી સાથે પરામર્શ કરો અને લોકોને રંજાડવા માટે સરકાર નથી, અમને શા માટે છંછેડો છો ? તેઓએ અધિકારીઓને સંભાળતા સ્પષ્ટ કહ્યુ હતુ કે અમને શા માટે છંછેડો છો ? અમે કાયદાનો અમલ કરતા લોકો છીએ, ખોટુ કોઈપણ સંજોગોમાં નહી ચાલે, લોકોને રંજાડવા માટે સરકાર નથી, કોઈ તકલીફ હોય તો તાત્કાલીક અમારો સંપર્ક કરો.

### દિવાળીના તહેવાર પૂર્વે તા. ૦૩ થી ૧૧ ઓકટોબર, ૨૦૨૫ દરમિયાન તંત્ર દ્વારા વિશેષ ઝુંબેશનું આયોજન

# ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજયવ્યાપી કુલ ૧૩ દરોડા દરમિયાન અંદાજે રૂ. ૪૧ લાખના ભેળસેળયુક્ત-શંકાસ્પદ ખાદ્ય પદાર્થોનો જપ્ત-નાશ કરાયો



રાજ્યના નાગરિકોને દિવાળીના તહેવારમાં આરોગ્યપ્રદ ખાદ્ય ચીજ વસ્તુઓ મળી રહે તે માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા કુલ ૧૩ જેટલા રાજ્યવ્યાપી દરોડા પાડવામાં આવ્યા હતા. આ દરોડા દરમિયાન અંદાજે રૂ. ૪૧ લાખના ભેળસેળયુક્ત-શંકાસ્પદ ખાદ્ય પદાર્થોને જપ્ત-નાશ કરવામાં આવ્યા હતા. રાજ્યના નાગરિકોની જીવન જરૂરી ખાદ્ય ચીજ વસ્તુઓ શુદ્ધ, સલામત અને ગુણવત્તાયુક્ત મળી રહે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર સતત કટિબદ્ધ છે. જેના પરિણામે દિવાળીના તહેવાર પૂર્વે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલના નેતૃત્વમાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ અટકાવવા અને ગ્રાહકોની આરોગ્ય સલામતી સુનિશ્ચિત કરવાના હેતુસર ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા એક રાજ્યવ્યાપી ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી હતી.

રાજ્યમાં તા. ૦૩ થી ૧૧ ઓકટોબર, ૨૦૨૫ દરમિયાન આયોજિત આ વિશેષ ઝુંબેશમાં સમગ્ર રાજ્યમાંથી ઘી, દૂધ-દૂધ ઉત્પાદનો, તેલ, મીઠાઈ અને બેકરી આઈટમ સહિતના કુલ ૨,૭૯૯ ખાદ્ય નમૂનાઓ એકત્રિત કરવામાં આવ્યા હતા, જેમાંથી ૧,૧૧૪ નમૂનાઓનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ ઝુંબેશમાં તા. ૩ થી ૫ દરમિયાન ઘીના ૩૮૫ નમૂનાઓ, તા. ૬ થી ૮ દરમિયાન ૪૩૧ જેટલા દૂધ અને તેની બનાવટોના નમૂનાઓ તેમજ તા. ૯ થી ૧૧ ઓકટોબર દરમિયાન ૨૯૮ તેલ, મીઠાઈ અને બેકરી આઈટમના નમૂનાઓનો પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા હતા. આ રાજ્યવ્યાપી ઝુંબેશ દરમિયાન કુલ રૂ. ૩૪,૪૯,૩૬૨નો ૮,૬૮૪ કિલો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. જેમાં રૂ. ૨૬.૨૨ લાખથી વધુ કિંમતનું ૪,૫૦૭ કિલો ઘી, રૂ. ૭ લાખની કિંમતની ૩,૪૧૧ કિલો દૂધ અને દૂધની બનાવટો, રૂ. ૯૦ હજારથી વધુના ૫૬૮ કિલો ખોયા તેમજ રૂ. ૩૬ હજારથી વધુનું ૧૯૮ કિલો કેસીનનો સમાવેશ થાય છે. આ જપ્ત કરવામાં આવેલા જથ્થા પૈકી રૂ. ૬.૪૮ લાખથી વધુનો ૨,૮૬૧ કિલો અખાદ્ય ચીજ વસ્તુઓનો નાશ કરવામાં આવ્યો હતો. વધુમાં, દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા આ ઝુંબેશ હજુ પણ ચાલુ જ રાખવામાં આવી છે. જે અંતર્ગત ફિલ્ડ ઓફિસશ્રીઓ દ્વારા સતત ચકાસણી અને કાર્યવાહી કરવામાં આવી રહી છે, એમ ગુજરાત રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્રની યાદીમાં જણાવાયું છે.

- જીગર બારોટ

# માતૃત્વની મમતા સાથે તંત્રની સંવેદના: જિલ્લા વિકાસ અધિકારી હર્ષદ વોરા



### જિલ્લા વિકાસ અધિકારી હર્ષદ વોરાના માર્ગદર્શન હેઠળ સાબરકાંઠામાં લાલન પાલન પ્રોજેકટ થકી માતૃત્વની કાળજી બની પ્રશાસનની પ્રાથમિકતા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

બાળ મરણ અટકાવવુ અને સ્વસ્થ્ય માતૃત્વ સ્થાપિત કરવુ, આ માત્ર આંકડાઓનો વિષય નથી, પરંતુ માનવતાનો પરીચય છે, સાબરકાંઠા જિલ્લામાં આ ભાવના લાલન પાલન પ્રોજેકટ રૂપે માતૃત્વની સંભાર લઈ રહી છે.

સાબરકાંઠા જિલ્લા વિકાસ અધિકારી હર્ષદ વોરા અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. રાજ સુતરીયાના માર્ગદર્શન હેઠળ નવેમ્બર ૨૦૨૪ થી શરૂ થયેલ આ પ્રોજેકટે સગર્ભા માતાઓના આરોગ્ય જીવનમાં સુધાર લાવ્યો છે. સ્વસ્થ્ય માતા, સ્વસ્થ્ય બાળક એટલે સ્વસ્થ્ય સમાજ ના સંદેશ સાથે જિલ્લા વિકાસ અધિકારી હર્ષદ વોરા પોતાના દૈનિક વહિવટી કામની વ્યસ્તતા વચ્ચે પણ માતાઓના આરોગ્ય માટે ચિંતિત રહીને લાલન પાલન પ્રોજેકટનુ સતત ફોલોઅપ લઈ જરૂરી માર્ગદર્શન આપી રહ્યા છે. વહિવટી કામકાજની સાથે મહિલાઓના આરોગ્યની ચિંતા અને તેમની તંદુરસ્તી માટેની નિષ્ઠા તેમને એક સંવેદનશીલ પ્રશાસક તરીકે અલગ ઓળખ આપે છે, આ પ્રોજેકટનો મુખ્ય હેતુ એ છે કે પ્રત્યેક સગર્ભા માતા સ્વસ્થ્ય રહે અને તંદુરસ્ત બાળકનો જન્મ થાય, ટીમ હેલ્થ સાબરકાંઠા દ્વારા ઓછા વઝનની સગર્ભા માતાઓના ઘરે જઈને અઠવાડીયાના નિયત આહારની સાથે પોષણ કીટ આપવામાં આવે છે. જેથી સગર્ભાવસ્થાના જોખમો માં ઘટાડો થાય, માતાઓને તેમના રોજીંદા ખોરાકની પસંદગી, પોષણયુકત આહારની રીતો અને આરોગ્ય સંબંધીત માર્ગદર્શન માટે નિષ્ણાંત ડાયેટીશીયન દ્વારા સતત કાઉન્સેલિંગ આપવામાં આવે છે. નવેમ્બર ૨૦૨૪ થી શરૂ થયેલા લાલન પાલન પ્રોજેકટ થકી આજદીન સુધીમાં જિલ્લાની ૨૦૦૦ થી વધુ સગર્ભા માતાઓને વ્યકિતગત કાઉન્સેલિંગ મળી ચુકયુ છે.

હાલમાં ચાલી રહેલા પોષણ પખવાડીયા તથા વિકાસ સપ્તાહના અવસરે જિલ્લાનુ લાલન પાલન પ્રોજેકટ તંત્રની સંવેદનશીલતા અને માતૃત્વ પ્રત્યેની પ્રતિધ્ધતાનુ જીવન ઉદાહરણ બની રહ્યુ છે. ટીમ હેલ્થ સાબરકાંઠા દ્વારા સગર્ભા માતાઓને ઘર ઘર સુધી પહોચીને અઠવાડીયાના નિયત આહાર ની સાથે પોષણ કીટ આપવામાં આવે છે. આ પોષણ કીટમાં ચણા, ખજુર, આર્યન સિરપ અને પ્રોટીન પાવડર આપવામાં આવે છે, અત્યાર સુધીમાં ૧૩૦૩૭ પોષણકીટનુ વિતરણ કરવામાં આવ્યુ છે. જયારે ૨૦૦૦ થી વધુ ઓછા વજન ધરાવતી સગર્ભા માતાઓને ડાયેટીશીયન દ્વારા કાઉન્સેલિંગ આપવામાં આવ્યુ છે. આ દરેક કીટ માત્ર ખોરાક નથી તે એક આશા છે. જે માતાના જીવનમાં તંદુરસ્તીનુ બીજ વાવે છે. ઓમ એકઝીમ કોર્પોરેશન, ઉંઝા તથા જિલ્લા આરોગ્ય વિભાગના સહયોગથી ચાલતો આ પ્રોજેકટે વિકાસ સાથે સંવેદના જોડવાનો ઉત્તમ ઉદાહરણ બની રહ્યુ છે. જિલ્લા વિકાસ અધિકારી હર્ષદ વોરાની માનવતાભરી દ્રષ્ટીએ તંત્રની કાર્યશકિત સાથે કરૂણા શકિત પણ જીવંત બનાવી છે. લાલન પાલન હવે માત્ર યોજના નથી. તે માતા અને બાળકના જીવનમાં ખુશહાલીના વચન સાથે માતાના આરોગ્ય ની દિશામાં માનવતાભર્યોઅભિગમ છે.

# ક્રેડિટ કાર્ડની લિમીટ વધારવાના બહાને રૂપિયા ૧.૨૫ લાખનો ચુનો લગાવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ડિજિટલ એરેસ્ટ અને ઓનલાઈન ફ્રોડના વધતા કિસ્સામાં વધુ એકનો ઉમેરો થયો છે. તેમાં ઓનલાઈન ફ્રોડ કરનાર ડોકટરને શિકાર બનાવીને ક્રેડિટ કાર્ડની લીમીટ વધારવાના બહાને રૂપિયા ૧.૨૫ લાખનો ચુનો લગાવી દીધો હતો. એચડીએફસી બેંકના વિભાગમાંથી વાત કરતી હોવાનું જણાવી અજાણી મહિલાએ વોટ્સએપ વિડીયો કોલ કરીને વાતો દરમિયાન ઓટીપી મેળવી લઈને સ્વીગી ફૂડમાં નાણાનું ટ્રાન્ઝેક્શન કરી નાંખ્યુ હતું. ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં શ્રીફળ હાઈટ્સમાં રહેતા મુળ ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ શહેરના વતની અને સૌરાષ્ટ્રમાં આટકોટ ગામે આવેલી મેડિકલ કોલેજમાં પ્રોફેસર તરીકે નોકરી કરતાં ડો. કેયુર ખિમદાસભાઈ નિમાવતે ઈન્ફોસિટી પોલીસ મથકમાં આ બનાવ સંબંધે નોંધાવી છે.ફરિયાદમાં જણાવવામાં આવ્યા પ્રમાણે ગત મે મહિનાની તારીખ ૨૩મીએ બપોરના સમયે તેના પર અજાણી મહિલાનો વોટ્સઅપ વોઈસ કોલ આવ્યો હતો. જેમાં એચડીએફસી બેંકને ક્રેડિટ કાર્ડ વિભાગમાંથી વાત કરતી હોવાનું જણાવીને તેણે ક્રેડિટ કાર્ડની લીમીટ વધારી શકાય તેમ હોવાનું જણાવતા ફરિયાદી ડોક્ટરે હા પાડી હતી. જેના પગલે મહિલાએ વિડીયો કોલ કર્યો હતો. પરંતુ તેમાં તેનો ચહેરો દેખાતો ન હતો, પરંતુ એચડીએફસી બેંકનો લોગો દેખાતો હતો. અજાણી મહિલાએ ક્રેડિટ કાર્ડની લીમીટ વધારવા સંબંધેની વાતો કરીને વિશ્વાસ કેળવ્યો હતો. તે દરમિયાન ઓટીપી નંબર આવ્યો હતો અને થોડીવારમાં જ ક્રેડિટ કાર્ડમાંથી રૂપિયા ૧,૨૫,૦૦૪નું ટ્રાન્ઝેક્શન થયાનો ઈ મેઈલ તથા ટેક્સ્ટ મેસેજ પણ આવ્યો હતો. આ દરમિયાન જ બીજો ઓટીપી પણ આવતાં શંકા પડવાથી ફરિયાદીએ વિડીયો કોલ કાપી નાંખ્યો હતો. મેસેજ વિગતે જોતા સ્વીગી ફૂડમાં ટ્રાન્ઝેક્શન થયાનું જણાયુ હતું. ફરિયાદીએ તુરંત સાયબર હેલ્પ લાઈન૧૯૩૦ પર ઓનલાઈન ફરિયાદ કરવા સાથે બેંકમાં પણ જાણ કરી હતી. પરંતુ બેંક દ્વારા કાર્ડના બિલની રકમ ભરપાઈ કરવા માટે અવાર નવાર ફોન કરીને એફઆઈઆરની નકલ માંગતા હોવાથી આખરે પોલીસ સ્ટેશન પહોંચીને ફરિયાદ નોંધાવી હતી.




# બોટાદની ઘટનાના પડઘા સુરતમાં પડયાઃ આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓએ બેનરો અને સુત્રોચ્ચાર સાથે કર્યો વિરોધ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

બોટાદના હડદડ ખાતે ખેડુતો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયુ હતું. ત્યારે આ મામલે સુરતમાં આમ આદમી પાર્ટી દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. સુરતમાં આમ આદમી પાર્ટી દ્વારા બેનરો અને સુત્રોચ્ચાર સાથે વિરોધ કરવામાં આવ્યો હતો. પોલીસે વિરોધ કરી રહેલા લોકોની અટકાયત કરી હતી.



બોટાદના હડદડ ખાતે ખેડુતો અને પોલીસ વચ્ચે થયેલા ઘર્ષણ મામલે આમ આદમી પાર્ટી દ્વારા આજે સોમવારે કાળો દિવસ જાહેર કરવામાં આવ્યો હતો. સુરતમાં પણ આમ આદમી પાર્ટી દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. ન્યુ બોમ્બે માર્કેટની સામે આમ આદમી પાર્ટીના કાર્યકરો અને નેતાઓ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યુ હતું. આ વિરોધ પ્રદર્શનમાં વિપક્ષ નેતા તેમજ આમ આદમી પાર્ટીના કોર્પોરેટરો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. તો બીજી તરફ પોલીસ દ્વારા વિરોધ કરી રહેલા લોકોની અટકાયત કરી હતી. આમ આદમી પાર્ટીના વિપક્ષ નેતા સહિતના લોકોએ માથે કાળી પટ્ટી પહેરીને વિરોધ નોંધાવ્યો હતો. આમ આદમી પાર્ટીના નેતા રાકેશ હીરપરાએ જણાવ્યુ હતુ કે જગતનો તાત એટલે ખેડુત એ ખેડુત ની તમામ વ્યાજબી માંગણીઓ સંતોષવી એ દુનિયાની કોઈપણ સરકારની જવાબદારી હોય, આવા ખેડુતોના વિરોધમાં ષડયંત્રો કરવા, આવા ખેડુતોની વિરોધમાં કેસ કરવા, આવા ખેડુતોને હેરાન કરવા એ સમયાંતરે ભાજપ સરકારની આદત બની ગઈ છે. એના વિરોધમાં અમે ભાજપ સરકારને ચેતવણી આપવા આવ્યા છીએ કે આમ આદમી પાર્ટી ખેડુતોના અધિકારો માટે લડત આપી છે અને આવનારા દિવસોમાં પણ લડતી રહેશે, ખેડુતોના અવાજ માટે આજે અમે અહીં ભેગા થયા છીએ અને આવનારા દિવસોમાં પણ લડાઈ લડતા રહીશુ,

# હડદડ માં ઘર્ષણ મુદ્દે આમ આદમી પાર્ટી પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ કહ્યુ શાંતિપ્રિય ગુજરાતમાં ખેડુતો પરેશાન થયા

## ખેડુતોની હજારો ફરીયાદો આવતી હતીઃ આ મુદ્દે ભાજપે વિરોધ કરવો જોઈતો હતોઃ ઈસુદાન ગઢવી







પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

બોટાદ જિલ્લાના હડદડ ગામમાં પોલીસ સાથે ઘર્ષણ મામલે આમ આદમી પાર્ટીના નેતાઓ સામે ફરીયાદ થઈ છે. આ મામલે હવે આમ આદમી પાર્ટી પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ પ્રતિક્રિયા આપતા જણાવ્યુ હતુ કે શાંતિપ્રિય ગુજરાતમાં ખેડુતો હેરાન થઈ રહ્યા છે. તેમણે આરોપ લગાવી કહ્યુ કે એપીએમસીમાં ભાજપે કડદા મુદ્દે ખેડુતોને પરેશાન કર્યા છે. ખેડુતોની હજારો ફરીયાદો આવતી હતી. આ મુદ્દે ભાજપે વિરોધ કરવો જોઈતો હતો.પરંતુ આમ આદમી પાર્ટી પર ખેડુતોએ ભરોસો મુકયો,

ગઈ કાલે રવિવારે બોટાદ એપીએમસીમાં કપાસના ભાવમાં થતા કડદા મુદ્દે ગઈ કાલે ખેડુત મહાપંચાયતનુ આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં યાર્ડ માં કડદો પ્રથા સંપૂર્ણરીતે બંધ રાખવા માંગ કરાઈ હતી. જો કે ખેડુતોના આ આંદોલનને આમ આદમી પાર્ટીનો સપોર્ટ મળ્યો તો બીજી તરફ પોલીસે ધરણાં કે પ્રદર્શનની મંજુરી ન આપતા મામલો વધુ ઉગ્ર બન્યો હતો અને કેટલાક લોકો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયુ હતું. પથ્થરમારો અને આગચંપી થી સ્થિતિ વણસી હતી, આ કેસમાં પોલીસે આમ આદમી પાર્ટીના કેટલાક નેતાઓ સામે ફરીયાદ નોંધી છે. જેને લઈ આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ પ્રતિક્રિયા આપી હતી.

આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ કહ્યુ હતુ કે શાંતિપ્રિય ગુજરાતમાં જગતનો તાત ખેડુત પરેશાન થઈ રહ્યો છે, તેમણે સત્તારૂઢ પાર્ટી ભાજપ પર પ્રહાર કરતા કહ્યુ હતુ કે એપીએમસીમાં ભાજપે ખેડુતોને કડદા મુદ્દે હેરાન કર્યા છે. આ મુદ્દે ભાજપે વિરોધ કરવો જોઈતો હતો. પરંતુ ખેડુતોએ આમ આદમી પાર્ટી પર ભરોસો મુકયો છે, ઈસુદાન ગઢવીએ આરોપ લગાવ્યો હતો કે ભાજપે ખેડુતોને મારવા માટેના આદેશો કર્યા હતા. સભામાં ભાજપના નેતાઓએ પથ્થરમારો કર્યો હતો. પોલીસ ભાજપના ઈશારે કામ કરવાનુ બંધ કરે, આમ આદમી પાર્ટીના નેતાઓ પાછળ હજારો પોલીસકર્મીઓ ગોઠવવામાં આવ્યા હતા, રાજયમાં હત્યા, બળાત્કારની અનેક ઘટનાઓ બની રહી છે, તેમાં પોલીસ યોગ્ય તપાસ નથી કરતી અને આપ ના નેતાઓ પાછળ પોલીસને મુકી દેવામાં આવે છે. ઈસુદાન ગઢવીએ કહ્યુ હતુ કે આવી ઘટના ન બનવી જોઈએ, ૫૪ લાખ ખેડુતો તમને માફ નહી કરે, તેમણે કહ્યુ કે આજે સોમવારે ગુજરાતમાં માથે કાળી પટ્ટી બાંધી કાળો દિવસ તરીકે ઉજવવામાં આવ્યો હતો,

બોટાદના હડદડમાં ઘર્ષણ મામલે પોલીસ એકશનમાં આવી છે, અત્યાર સુધીમાં ૬૫ આરોપીઓની અટકાયત કરવામાં આવી છે, જયારે આમ આદમી પાર્ટી નેતા રાજુ કરપડા અને પ્રવિણરામ સહિતના સામે નામ જોગ ફરીયાદ દાખલ કરવામાં આવી છે. હત્યાના પ્રયાસ સહિતની ગંભીર કલમ હેઠળ ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે. ખેડુતોને ઉશ્કેરણી કરી હિંસા બાદ આમ આદમી પાર્ટીના નેતાઓ ફરાર થયા હોવાનો આરોપ છે. ઝડપાયેલા મોટાભાગના આરોપી સુરેન્દ્રનગર જિલ્લાના હોવાનુ જાણવા મળ્યુ છે. ફરાર આમ આદમી પાર્ટીના હોદ્દેદારોની પોલીસ દ્વારા શોધખોળ કરાઈ રહી છે. મંજુરી વગર ખેડુત મહાપંચાયત યોજતા ઘર્ષણ થયુ હતું અને પોલીસ પર હુમલો અને વાહનોમાં તોડફોડ કરવામાં આવી હતી.

# ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં યુવાન પર કરાયેલા અમાનવીય વર્તનના મામલે દોષિત અધિકારીઓને તત્કાલ ડીસમીસ કરો

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં સગીર યુવક પર પોલીસ કર્મચારીઓએ કરેલા અમાનવીય વર્તનના મામલે દોષિત અધિકારીઓને તત્કાલ ફરજમાંથી ડીસમીસ કરી તત્કાલ જેલ કરવાની માંગણી ઉઠાવી આમ આદમી પાર્ટીના માઈનોરીટી ડીપાર્ટમેન્ટ દ્વારા આજે સોમવારે જિલ્લા કલેકટર ડો. ઓમપ્રકાશને આવેદનપત્ર આપી રજુઆત કરવામાં આવી હતી. આ અંગે આમ આદમી પાર્ટીના રાજકોટ શહેર માઈનોરીટી ડીપાર્ટમેન્ટના ચેરમેન અલ્તાફભાઈ ભગાડ તથા



વાઈસ ચેરમેન અખતરભાઈ બલોચે જણાવ્યુ હતુ કે ગઈ તા. ૩૧ ઓગસ્ટના રોજ શહેરના ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં એક સગીર વયના યુવક સાથે પોલીસ કર્મચારીઓએ અમાનવીય ક્રુર અને કાયદા વિરૂધ્ધનુ વર્તન કર્યાનુ બહાર આવ્યુ હતું. આ ઘટનામાં પોલીસ કર્મચારીઓ દ્વારા યુવકને કસ્ટડીમાં રાખી તેની સાથે મારપીટ, વાળ ખેંચવા, માનસિક ત્રાસ અને અપમાનજનક વર્તન કરવામાં આવ્યુ હતું. આ ઘટના કોઈ ઉચ્ચ અધિકારીઓના આદેશ હેઠળ થયાનુ જાણવા મળ્યુ છે. ત્યારે આ ઘટનામાં સંકળાયેલા તમામ એસીપી પીઆઈ, પીએસઆઈ અને પોલીસ કર્મચારીઓને ફરજમાંથી તત્કાલ ડીસમીસ કરવામાં આવે, આ પોલીસ અધિકારીઓને કોઈપણ પ્રકારની સરકારી સુરક્ષા કે રાજકીય આશ્રય આપવામાં ન આવે, પીડીત યુવક અને તેના પરીવારને તત્કાલ કાનુની, માનસિક અને આર્થિક સહાય રાજય સરકાર દ્વારા આપવા સહિતની માંગણી કરવામાં આવી હતી.

# હડદડમાં કિસાનો પર વિંઝાયેલી લાઠીનો જવાબ સરકારને ૨૦૨૭ માં જરૂર મળશેઃ ખેડુત એસોસીએશન

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત એસોસીએશનના પ્રમુખ ભરતસિંહ ઝાલા, ઉપપ્રમુખ ગજેન્દ્રસિંહ ઝાલા, પટેલ પ્રવિણભાઈ પડારીયા, ભુપતભાઈ પટેલ, ભરતસિંહવાળા, કાળુભાઈ રાઠોડ, નાગજીભાઈ પટેલ, લાખાભાઈ ઉંઘાડ, ની સંયુકત યાદી જણાવે છે કે બોટાદ યાર્ડમાં ચાલી આવતી કડદા પ્રથા બંધ કરાવવા શાંત રીતે ચાલતા આંદોલનને કચડી નાખવા અને સત્તાધારી પક્ષ ભાજપના આદેશથી સત્તાધીશોની સીધી દોરવણી હેઠળ ખેડુતો પર જે પ્રકારે લાઠીચાર્જ કરી પોલીસ દમન ગુજારવામાં આવેલ છે, તેને ગુજરાત ખેડુત એસોસીએશન સખત શબ્દોમાં વખોડી કાઢે છે.

આ પ્રકારે રાજયમાં દારૂડીયા, જુગારીયા, લુખ્ખાઓ, દુષ્કર્મ આચરનારા કે અસામાજિક તત્વો પર પણ પોલીસ લાઠીઓ વરસાવતી નથી, લુખાગીરી આચરનારાઓ સામે બકરી બની જતી પોલીસ કોના આદેશથી સિંહ બની ખેડુતો પર તુટી પડી હતી, પોલીસ વોટર કેનનનો ઉપયોગ કરી શકે છે, પોલીસે ખેડુતોને રોકવાનો પ્રયાસ કરતા વિસ્ફોટ થયો હતો અને આના માટે પોલીસ પણ જવાબદાર છે, જવાબદાર પોલીસ અધિકારીઓને સસ્પેન્ડ કરવા જોઈએ.ખેડુત મહાપંચાયતમાં ખેડુતો એકત્ર ન થાય તે માટે સરકારે ધમકીઓ આપી હતી. પત્રકારોને પણ ફટકારવામાં આવ્યા છે, આંદોલનકારીઓને વીણી વીણીને ઘરની બહાર કાઢી ફટકારવામાં પોલીસની જે ભુમિકા રહી છે તે અંગ્રેજોને યાદ અપાવે તે પ્રકારની છે, નિર્દોષને ફટકારનાર માર્કેટયાર્ડના ભ્રષ્ટાચાર કિસાન કત્લેઆમ સરકારને છતી આંખે દેખાતી નથી, ભ્રષ્ટ ભાજપની સરકાર પાસે ખેડુતોની ખેત પેદાશમાં કડદો કરી ગેરમાર્ગે દોરવાનુ બંધ કરે,

ખેડુતોના હક્ક અને અધિકારો સામે હકારાત્મક વલણ અપનાવી યોગ્ય કરવાને બદલે આ પ્રકારે તાનાશાહી ચલાવી જોર જુલમથી અંગ્રેજોને પણ શરમાવે તે પ્રકારે પોલીસ દ્વારા જે દમન ગુજારવામાં આવે છે તેમાં જવાબદાર પોલીસ અધિકારીઓને સસ્પેન્ડ કરવા, અમારી માંગ રાજયના ૫૪ લાખ ખેડુતોનો અવાજ દબાવવાનો જે રીતે પ્રયાસ છે તેને સાંખી નહી લેવાય, આ લાઠી ચાર્જનો જવાબ ગુજરાતના ખેડુતો ૨૦૨૭ માં વ્યાજ સાથે આપશે જવાબ, લાઠી ચાર્જ કરનાર પોલીસ કર્મચારીઓ ઉપર ફોજદારી કાર્યવાહી હાથ ધરવામાં આવે, કડદો કરનાર વેપારી ઉપર કાર્યવાહી હાથ ધરવા અંતમાં ગુજરાત રાજય ખેડુત એસોસીએશન અને ક્રાંતિ સંગઠને માંગ ઉઠાવી છે.

# ગુજરાત ભાજપમાં અસંતોષની આગ વધુ પ્રસરે તે પહેલા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દિલ્હી રવાનાઃ રાજકીય માહોલ ગરમાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

મંત્રી મંડળનુ વિસ્તરણ દિવાળી પહેલા થશે કે પછી, તે વાત સચિવાલય અને વિધાનસભા સંકુલમાં હાલ સૌથી મોટી ચર્ચાય છે. ત્યારે આ વચ્ચે ગુજરાતના મુખ્યમંત્રીના દિલ્હી પ્રવાસે ફરી એકવાર ચર્ચા જગાવી છે.

આજે સોમવારે ગુજરાતના રાજકારણ અંગે સૌથી મહત્વના સમાચાર એ આવ્યા છે કે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા તેમજ પ્રદેશ ભાજપ મહામંત્રી દિલ્હી પહોચ્યા છે. પ્રમુખ બન્યા બાદ જગદીશ વિશ્વકર્મા પ્રથમવાર દિલ્હીની મુલાકાતે પહોચ્યા છે. સંગઠન મહામંત્રી રત્નાકર પણ દિલ્હી રવાના થયા છે, આ તમામ દિગ્ગજો દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરશે. જેમાં ભાજપ સંગઠનમાં ફેરફાર મામલે દિલ્હીમાં મહત્વની બેઠક મળવાની છે આ બેઠકમાં પ્રદેશ ભાજપની નવી ટીમ અંગે પણ ચર્ચાની સંભાવના છે. સાથે જ સંભવિત મંત્રી મંડળના વિસ્તરણ





સંદર્ભે પણ ચર્ચા થઈ શકે છે. ગૃહ મંત્રી અમિત શાહ સાથે પણ આ દિગ્ગજો મુલાકાત કરશે, ૪૦ દિવસમાં જ બીજી વાર વડાપ્રધાન અને મુખ્યમંત્રીની મુલાકાતને રાજકીય વર્તુળોમાં અનેક તર્ક વિતર્ક થઈ રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી મંત્રી મંડળના વિસ્તરણ અને સંગઠનમાં ફેરફારની અટકળો ચાલી રહી છે, રાજકીય વર્તુળોમાં નામોની ચર્ચા થઈ રહી છે, તો કેટલાક મંત્રીઓને તેમની ગાદી જવાની ૧૦૦ ટકા શકયતા છે. આવામાં મંત્રી મંડળમાં કોનો સમાવેશ થશે અને કોને બાદબાકી થશે તેના પત્તા જલ્દી જ ખુલી જશે તેવુ લાગી રહ્યુ છે.

ભાજપના પ્રદેશ પ્રમુખની નિમણુંક બાદ હવે મંત્રી મંડળના વિસ્તરણની ઘડીઓ ગણાઈ રહી છે. જેને પગલે હવે સચિવાલયમાં હલચલ શરૂ થઈ ગઈ છે. સ્વર્ણિમ -૧ માં કેબિનેટ કક્ષાના મંત્રીઓ જયારે સ્વર્ણિમ-૨ માં રાજય કક્ષાના મંત્રીઓની તેમજ સ્ટાફની ઓફીસો છે, છેલ્લા એક અઠવાડીયાથી મોટાભાગના મંત્રીઓના કાર્યાલયો ની ઓફીસોમાં ધમધમાટ જોવા મળી રહ્યો છે. પટાવાળા ફાઈલોના ઢગલા લઈને આમથી તેમ ફરી રહ્યા હોવાની વાત અત્યારે કોમન થઈ ગઈ છે. કેટલાક મંત્રીઓ મોડી રાત સુધી પોતાની ઓફીસમાં કામ કરતા નજરે પડે છે. જયારે કેટલાય મંત્રીઓના કેટલાય પીએ પીએસ ભારે ગભરાહટમાં છે. કારણ કે દિવાળી સુધરશે કે નહી તેનુ ટેન્શન તેઓને થઈ રહ્યુ છે. પોતાના સાહેબની હકાલપટ્ટી થશે તો પોતાને પણ હવે અહીં થી જવુ પડશે એ બાબતનો ગભરાહટ તેમને સતાવી રહ્યો છે. આથી તેઓએ પણ જે તે કામોની બાકી ફાઈલોનો નિકાલ કરવાનુ શરૂ કરી દીધુ છે. જેમાં ખાસ કરીને વહિવટની બે નંબરી ફાઈલોની આગાપાછી કરાતી હોવાની ચર્ચા પણ છે.

# ગુજરાતમાં દિવાળીના તહેવારમાં રાત્રે માત્ર ૨ કલાક જ ફટાકડા ફોડી શકાશેઃ દિવાળી ને લઈને ગુજરાત સરકારનો મોટો નિર્ણય

પ્રતિનિધિ,ગાંધીનગર

દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારે ફટાકડા ફોડવા અંગેની નવી સુચનાઓ જાહેર કરી છે.

વાયુ અને ધ્વનિ પ્રદુષણને અટકાવવાના ઉદ્દેશ સાથે સરકારે સુપ્રિમ કોર્ટના નિર્દેષોનુ કડક પાલન કરવાનો નિર્ણય લીધો છે.

આ નિયમો અનુસાર દિવાળીની રાત્રે માત્ર ૨ કલાક ૮ થી ૧૦ વાગ્યા સુધી જ ફટાકડા ફોડવાની મંજુરી આપવામાં આવી છે. રાજય સરકારની સુચનાઓ મુજબ પર્યાવરણ પર વિપરીત અસર અને આગ લાગવાના બનાવો ન બને તે માટે રાતના ૧૦ વાગ્યાથી સવારના ૬ વાગ્યા સુધી ફટાકડા ફોડવા પર સંપૂર્ણ મનાઈ ફરમાવવામાં આવી છે.

આ ઉપરાંત સરકારે વધુ ઘોંઘાટ કરતા ફટાકડા ફોડવા પર પણ પ્રતિબંધ લગાવ્યો છે.

માત્ર સુપ્રિમ કોર્ટ દ્વારા માન્યતા પ્રાપ્ત ગ્રીન તથા ઓછા પ્રદુષણ ઉત્પન્ન કરતા ફટાકડાના ઉત્પાદન અને વેચાણની જ પરવાનગી રહેશે.

આ ઉપરાંત ભારે ઘોંઘાટવાળા, સ્વાસ્થ્ય માટે હાનિકારક અને વધુ પ્રદુષણ ફેલાવતા બાંધેલા ફટાકડા પર પ્રતિંબંધ મુકવામાં આવ્યો છે. જયારે ફટાકડાનુ વેચાણ માત્ર લાયસન્સ ધારક વેપારીઓ દ્વારા જ કરવાનુ રહેશે અને તેઓએ માત્ર માન્ય રાખવામાં આવેલા ફટાકડાનુ જ વેચાણ કરવાનુ રહેશે.

સરકારની ગાઈડ લાઈન આ પ્રમાણે છે જેમાં (૧) તમામ ઈ-કોમર્સ વેબસાઈટને ઓનલાઈન તમામ પ્રકારના ફટાકડાના વેચાણ પર પ્રતિંબંધ મુકવામાં આવ્યો છે (૨) ફટાકડા બનાવવા માટે બેરીયમ ના ઉપયોગ પર સુપ્રિમ કોર્ટે પ્રતિંબંધ મુકયો છે. (૩) ફટાકડા રાતે ૮ વાગ્યા થી ૧૦ વાગ્યા સુધી જ ફોડી શકાશે (૪) આ સુચનાઓનુ કડક પાલન કરાવવા માટે તંત્ર સક્રિય બન્યુ છે જેથી તહેવારો દરમિયાન પર્યાવરણની જાળવણી કરી શકાય,

# આ ખેડુતોનો મુદ્દો નહી પણ પૂર્વ આયોજીત કાવતરૂ હતું : આવી રાજનીતી છોડી લોકોના કામ કરોઃ સરકારી પ્રવકતા

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

બોટાદના હડદડ ગામમાં આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓનો પોલીસ સાથે થયેલા ઘર્ષણ મુદ્દે પોલીસે કાર્યવાહી કરી છે, આ ઘટનામાં આમ આદમી પાર્ટીના નેતા રાજુ કરપડા અને પ્રવિણ રામને મુખ્ય આરોપી બનાવાયા છે. જયારે આ બંને સહિત ૮૫ લોકો વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવામાં આવી છે. જેમાં હત્યાનો પ્રયાસ અને ષડયંત્ર રચ્યાની કલમો હેઠળ ફરીયાદ દાખલ કરવામાં આવી છે, પોલીસે આ ઘટનામાં ૫૦ થી વધુ



વાહનો પણ ડીટેઈન કર્યા છે. આ ઘટના મુદ્દે રાજય સરકારના પ્રવકતા મંત્રી ઋષીકેશ પટેલે નિવેદન આપતા જણાવ્યુ હતુ કે આ ઘટના જોશો તો કપાસની ખરીદી બોટાદ અને લાઠીદડમાં થઈ હતી. રાજય સરકાર દ્વારા તમામ પ્રકારની સુચનાઓ આપવામાં આવી હતી. આ સંદર્ભે બેઠક પણ થઈ ચુકી હતી, ત્યાં કોઈપણ મુદ્દો નહી હોવા છતાં આમ આદમી પાર્ટીના નેતાઓ ખેડુતોને લઈ પહોચ્યા હતા. આ કોઈ ખેડુતોનો મુદ્દો ન હતો માત્ર બહાનુ હતું. પ્રવકતા મંત્રી ઋષીકેશ પટેલે કહ્યુ હતુ કે જયાં બનાવ બન્યો તે લાઠીદડના લોકો ન હતા, તેઓ અસામાજિક તત્વોને સાથે લઈને પહોચ્યા હતા, આ પૂર્વ આયોજીત કાવતરૂ કોણે કર્યુ તે સૌએ જોયુ છે, દિલ્હીને બરબાદ કર્યા બાદ લોકોએ પંજાબની હાલત પણ જોઈ છે, દિલ્હીમાં કૌભાંડો કર્યા બાદ કેજરીવાલને જેલની હવા ખાવાનો વારો આવ્યો છે, આવી રાજનીતી ના કરો, પ્રજાના કામો કરો અને લોકોની વચ્ચે જાઓ,

## રાજકોટમાં આયોજીત ગુજરાત જોડો સભામાં આમ આદમી પાર્ટી ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ કર્યો ચોંકાવનારો ખુલાસો

# બોટાદમાં પોલીસ બુટલેગરોને લઈને આવી અને ખેડુતોને માર માર્યોઃ પોલીસના માણસોએ પોલીસની ગાડી ઉથલાવી : ગોપાલ ઈટાલીયા

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ રાજકોટ ખાતે વિશાળ જનસભામાં બોટાદની ગઈ કાલની ઘટના વિશે વાત કરતા જણાવ્યુ હતુ કે આમ આદમી પાર્ટીના ખેડુત આગેવાન રાજુ કરપડાએ ખેડુતો માટે આંદોલન કર્યુ, એમણે કિસાન મહાપંચાયતનુ આયોજન કર્યુ પરંતુ આજે બોટાદમાં શું ઘટના બની ? એવી જ ઘટના પાટીદાર અનામત આંદોલનમાં મહુડી ચોકમાં બની હતી. પોલીસવાળા ૪ બુટલેગરોને લઈને આવ્યા અને બુટલેગરોએ પથરા ઉછાડવાનુ ચાલુ કર્યુ,



આ દરમિયાન ગામના લોકો સ્તબ્ધ હતા અને વિચારતા હતા કે આ કયા ગામના લોકો આવી ગયા છે. એટલામાં તો પોલીસે પથ્થરમારો થયો અમારા પર એમ કહીને માર મારવાનુ શરૂ કર્યુ, તમે ૧૦-૧૫ બુટલેગર લઈને આવ્યા અને તમે આખા ગામને આરોપી બનાવવાની કોશિષ કરીને આવ્યા, હાલ આ જે ટોળુ છે એમાં ૫ બુટલેગરો આવીને પથ્થરમારો કરે તો આપણે શું કરી લેવાના ? બોટાદમાં આવી જ ઘટના બની કે પોલીસવાળા ૧૦-૧૫ બુટલેગરોને લઈને આવ્યા અને એ બુટલેગરોએ પથ્થરમારો કર્યો પછી પોલીસે આખા ગામની ચારેય બાજુથી ઘેરી લીધુ અને ત્યારબાદ ગામના ખેડુતોને બેફામ માર માર્યો, પોલીસે અમારા અનેક આગેવાનોને પકડયા, પોલીસના માણસોએ પોલીસની ગાડી ઉથલાવીને સળગાવી દીધી પછી એ જ લોકોએ કેમેરામાં રેકોર્ડ કરીને કહ્યુ કે જુઓ અમારી ગાડી સળગાવી દીધી,

ભુતકાળમાં બુટલેગરોએ પોલીસના ડોકા કાપી નાખ્યા ત્યારે કોઈ બોલ્યુ નહી, ગુજરાતના અનેક બુટલેગરોએ પોલીસવાળાઓ પર ગાડીઓ ચડાવી દીધી એ સમય તો કોઈએ એફઆઈઆર પણ થતી નથી. પરંતુ જયારે એક નિર્દોષ માણસ આંદોલન કરવા નિકળે અને પોતાનો હક્ક માંગવા નિકળે એટલે ભાજપવાળા તરત પોલીસ મોકલે છે. મે નકકી કર્યુ છે કે જે લોકોએ ભાજપની દલાલી કરી છે જે જે લોકોને પ્રમોશન જોઈએ છે અને જે જે લોકોને મેડલ જોઈએ છે એ બધાને ગોપાલ ઈટાલીયા લોઢાના મેડલ આપશે. કેટલાક અધિકારીઓ સારા છે પરંતુ બાકીના બધાને પ્રમોશન જોઈએ છે, પૈસા જોઈએ છે અને સારી જગ્યાએ પોસ્ટીંગ જોઈએ છે અને એમાંજ એ લોકોએ સરકારની દલાલી ચાલુ કરી, ૨૦૨૭ માં જયારે સરકાર બદલાશે ત્યારે બધાને લાઈનમાં ઉભા રાખીને લોઢાના મેડલ પહેરાવવામાં આવશે. આવા મોટા સ્ટેજ પર જ એ લોકોને બોલાવવામાં આવશે. જે લોકો જનતાને રીબાવે છે એ લોકોને આપણે છોડી શકતા નથી. જેણે જેણે જનતાને દબાવવાનુ અને જનતાને શોષણ કરવાનુ કામ કર્યુ અને જેણે ભ્રષ્ટાચાર કર્યો અને જેણે પૈસા લુંટયા છે એ બધાને લોઢાના મેડલ આપવામાં આવશે.

## અજાણ્યા વાહને શામળાજીના બે યુવાનને ટક્કર મારી

# ભિલોડાની શામળાજી સ્કૂલ આગળ અકસ્માતમાં બે યુવકનાં મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)ભિલોડા,

ભિલોડા તાલુકાના શામળાજીના બે મિત્રો રાત્રિએ ૧૧ વાગ્યા ને સુમારે બાઈક લઈને નવાગામ તરફથી શામળાજી આવી રહ્યા હતા ત્યારે કોઈ અજાણ્યા વાહનચાલકે બાઈકને ટક્કર મારતાં બાઈક રોડના ડિવાઈડર સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં બાઈક પર સવાર બંને ઈસમોને માથાનાં ભાગે ગંભીર ઈજા થતા ઘટના સ્થળે મોત નીપજ્યાં હતાં. પોલીસે ઘટના સ્થળે પહોંચી ઘટતી કાર્યવાહી હાથ ધરી છે. ભિલોડા તાલુકાના શામળાજીના અજયભાઈ નરસીહ લટા (ઉં.વ. ૨૨,રહે. શામળાજી) અને વિવેકભાઈ જગદીશભાઈ તબિયાડ (ઉં.વ. ૨૪, રહે. શામળાજી) બન્ને યુવાનો બાઈક લઈ નવાગામ તરફથી શામળાજી આવી રહ્યા હતા. તે વખતે કોઈ અજાણ્યા વાહનચાલકે બાઈકને ટક્કર મારતાં બાઈક રોડના ડિવાઈડર સાથે અથડાતાં બન્ને યુવાનોને રોડ પર પટકાતાં ગંભીર ઈજાને કારણે બંનેના મોત નીપજ્યા હતા.